ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

દુઃખી થવાને માટે કોઇ ધરતી પર નહીં આવે;
હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહીં આવે.
હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચીને પી નાખો;
જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે.

'જલન' માતરી

### પાથેય

- રમેશ ઠક્કર

## એક અનોખો તહેવાર

કાકાસાહેબ કાલેલકર મહાશિવરાત્રી વિશે લખે છે 'આ તહેવાર અપરિગ્રહનો અને ભૂતદયાનો છે.મહાશિવરાત્રીના દિવસે એકલા શિવઉપાસક જ નહીં પણ બધા જ જો ઉપવાસ કરે, અને પોતાની જિંદગીમાંથી અનાવશ્યક વસ્તુઓનો કેટલો ત્યાગ કરી શકે એનો વિચાર કરે તો બહુ સારૂં.આપણો મોટામાં મોટો પરિગ્રહ લોભ અને આળસ છે.અપરિગ્રહી મહાદેવનાં દર્શન કરવાનો રિવાજ આપણને પરિગ્રહના મોહપાશમાંથી મુક્ત કરાવે છે'

તહેવારો અને એની ઉજવણી એ આપણી પરંપરા છે.લોકો જ્યારે એમાં સામેલ થાય છે ત્યારે જીવનની એકવિધતામાંથી આપોઆપ છુટકારો પામે છે.મહાશિવરાત્રીનો તહેવાર એ ઉત્સવની સાથે એક વ્રત પણ છે..દેવાધિદેવ શંકરને પ્રસન્ન કરવાથી તમામ દેવો આપોઆપ ખુશ થઈ જાય છે..અને એટલે જ આ તહેવાર ખૂબ ધામધૂમ અને ઉમંગથી મનાવવામાં આવે છે. શિવજી એ આપણા સૌથી લાડકવાયા દેવ છે...સુપરપાવર છે... શિવ એટલે કલ્યાણ..જગતનું જતન જેમના હાથમાં છે એ શંકર એટલે ભોળા ભગવાન..જે રાખ અને ભભૂતનો શણગાર કરે છે...ગળામાં સર્પ ધારણ કરી શકે છે. ભુતમંડળી સાથે ડાન્સ કરી શકે છે..શિવતાંડવ એટલે પરાકાષ્ઠા...એ લોકકલ્યાણ માટે વિષ પણ ગટગટાવી જાય છે..એ નીલકંઠ છે..એ નટરાજ છે..દેવાધિદેવ છે..ભોળા જરૂર છે પણ ત્રીજું નેત્ર પણ રાખે છે...! લોકો એમને અનેક નામે લાડ લડાવે છે...ભવનાથ, સોમનાથ,કામનાથ..એમ અનેકવિધ નામે મહાદેવ સર્વવ્યાપી ભગવાન છે.

ભગવાન શિવ ભોળા છે.જલદી રીઝી જાય છે.એમને પ્રસન્ન કરવા સરળ છે.એમની જીવનશૈલી નિરાળી છે..સ્મશાનભૂમિ એમનું સરનામું છે..ભભૂત એટલે કે રાખ એમનો શણગાર છે..શિવ એટલે કલ્યાણ..ભારતીય સંસ્કૃતિમાં સત્યમ શિવમ્ સુંદરમ્ એ પાયાના સિદ્ધાંતો છે..સમુદ્રમંથન પછી મળેલી ચીજો માટે દેવો અને દાનવો વચ્ચે પડાપડી થયેલી પરંતુ એમાંથી વિષ પણ પ્રાપ્ત થયેલું.એ કોણ પીવે ? કોઈ એ સ્વીકારે તો જ જગતનું કલ્યાણ થાય એવી શરત હતી..એ વખતે શિવજીએ દુનિયાના કલ્યાણ માટે એ ઝેર આસાનીથી પી લીધું અને પચાવી લીધું હતું..ઝેર એટલે જગતની કલુષિતતાઓ મહાન માણસોએ એ પીવું પડે છે..શિવજીના જીવનનો આ આદર્શ અદ્ભુત છે. ભગવાન શંકર અનોખા છે..એમની સાથે જગતનાં સૌથી સ્વરૂપવાન દેવી પાર્વતી છે.એ બંનેનું દામ્પત્ય આદર્શ ગણાય છે..શિવ અને પાર્વતી સહિત એમનો આખો પરિવાર દુનિયામાં પૂજાય છે..શાંત અને ભોળા લાગતા શંકર જો કોપાયમાન થાય તો એમને રોકવા મુશ્કેલ છે..એ તાંડવ કરી શકે છે અને,,નૃત્ય કરી નટરાજ પણ થઈ શકે છે...એમના શિષ્યમાં રામ પણ હોઈ શકે અને રામ પણ હોઈ શકે..શિવજી બધાની ઉપર કૃપા વરસાવે છે પણ એમની કૃપા મુજબ આચરણ કરવું જરૂરી છે..બાકી રાવણ જેવી દશા પણ થઈ શકે..નમ્રતાથી શિવને સ્ત્રી આગળ વધતા રામ દરિયામાં પણ રસ્તો કરી શકે છે..મહાદેવને પ્રસન્ન કરી શકાય છે પણ એમની કૃપા યોગ્ય આચરણ થકી જ પામી શકાય.શિવજીના જીવનનો આ સંદેશ આપણા સહુ માટે ખૂબ જ પ્રેરક છે.

# મેડિકલ કરિયરનો મોહ

### તંત્રીસ્થાનેથી...


યુક્રેન સંકટનો ભોગ બનેલા ભારતીય વિદ્યાર્થીઓને દેશમાં પાછા લઈ આવવા સરકાર યથાશક્તિ તમામ પ્રયાસો કરી રહી છે. કેટલીક વિમાની ખેપો આવી પણ ગઈ છે. પણ એ પછી યુક્રેન એરસ્પેસ બંધ થઈ જતા ભારતીય મૂળના નાગરિકો અને વિદ્યાર્થીઓને નજીકના દેશોની સરહદ પર પહોંચી જઈ ત્યાંથી એરલિફ્ટ કરવાનો વહેવારું વિકલ્પ વિચારાયો હતો. પોલેન્ડ, રોમાનિયા કે બેલારુસ જેવા રશિયા અને યુક્રેનના પાડોશી દેશોમાં પહોંચી જવા માટે યુક્રેન સરકારે સરહદ સુધી વાહન-વ્યવહાર વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી પરંતુ સરહદથી દૂર ક્યારેક ૧૦ માઈલ તો ક્યારેક એથી પણ વધુ અંતરે કડકડતી ઠંડીમાં ભૂખ્યા - તરસ્યા વિદ્યાર્થીઓને છોડી દેવામાં આવ્યા છે. જયાંથી ચાલી-ચાલીને એ સરહદ સુધી પહોંચ્યા છે. માઈનસ ૧૦ ડિગ્રી જેટલી ઠંડીમાં ભૂખતરસ વેઠી પગપાળા ચાલી રહેલાં આ છોકરડાં પાસે મોબાઈલ છે, પણ બેટરી ડાઉન થઈ જતાં એમનાં મહેસાણા કે અમદાવાદ રહેલા વાલીઓ માટે સંપર્ક કરવાનું પણ અઘરું બની ગયું છે. યુક્રેન સ્થિત ભારતીય દૂતાવાસ મારફત એમની સલામતીના સમાચાર મળતા રહે છે, પરંતુ સરહદ પાર કરતા વિદ્યાર્થીઓને યુક્રેન સેના નફરતની નજરે જુએ છે. હોબાળો કરવા જતાં એમને માર પણ પડે છે. યુક્રેન સેના એમ માને છે કે ભારતે રશિયાની તરફેણ કરી છે અને લાખ વિનવણી છતાં રાષ્ટ્રપતિ જેલેન્સ્કીને મોદીએ કશી દાદ આપી નથી. આથી ભારત પ્રત્યેનો રોષ હવે ભારતીય વિદ્યાર્થીઓ પર ઊતરી રહ્યો છે. યુદ્ધ સમયની માનસિકતા આવી જ હોય. પોલેન્ડ અને રોમાનિયા સરહદ પર વિદ્યાર્થીઓ સાથે થયેલ અમનાવીય વ્યવહારના અહેવાલ વહેતા થયા છે.

ભારત માટે આ નીચાજોણા જેવી પરિસ્થિતિ જ ગણાય. ભારત વ્યૂહાત્મક દૃષ્ટિએ રશિયા સાથે સંબંધો ટકાવી રાખવા માટે સલામતી પરિષદમાં તટસ્થ રહ્યું છે. એથી તો ઊલટાનો એણે અમેરિકા સાથેના સુધરતા રહેલા સંબંધો પણ જોખમાવ્યા છે. પરંતુ યુક્રેન ભારત પાસે દુનિયાના મોટા ભાગના દેશોએ કર્યું છે એવું સમર્થન માગે છે. ભારત થોડું એમ ઈચ્છે કે યુક્રેન ખતમ થઈ જાય અને દુનિયા જોતી જ રહે ? પરંતુ નહેરુ યુગથી શરૂ થયેલી બિનજોડાણ નીતિને અનુસરવામાં જ પોતાનું હિત છે એટલું તો એ સમજી શકે છે. એટલે એક સલામત અંતરે રહી વડાપ્રધાન યુદ્ધની સ્થિતિ ટાળવાની અને સમાધાન પર આવવાની સલાહથી વધુ કશું આપી શકે એમ નથી. વિદ્યાર્થીઓને રક્ષણ આપવું અને સલામતીપૂર્વક સ્વદેશ પરત લાવવાની નૈતિક જવાબદારી દેશની સરકારે સ્વીકારેલી જ છે. પ્રશ્ન એ છે કે વાલીઓ શા માટે એમનાં લાડકવાયા બાળકો દેશ બહાર ધકેલતા હશે ? મેડિકલ કેરિયલ પાછળ લાખોનો ધુમાડા કરી ઓછી મેરિટ ધરાવતાં છોકરડાંને 'ડૉકટર' બનાવી પ્રજાના માથે મારવાની આ સ્વકેન્દ્રિત અને સ્વાર્થ પરસ્ત નીતિ તમામ સંદર્ભે વખોડવા લાયક છે. હવે તો દેશમાં મેડિકલ કોલેજોનો રાફટો ફાટેલો છે. એમ છતાં પોતાના નાણાં વિદેશમાં ભણતર પાછળ ખર્ચીને આવા સમયે રોદણાં રોવાં એ કેટલું યોગ્ય ગણાય ? સરકારે આ રીતે વિદેશમાં ભણવા જતા વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ એવું નથી લાગતું ? એક તરફ બુદ્ધિધન વિદેશ ઘસડાતું રહે છે, બીજી તરફ ઓછી ગુણવત્તાવાળા ડૉકટરો ચીન, યુક્રેન કે ફિલિપાઈન્સની ડિગ્રીઓ લઈને દેશમાં પાછા આવી દરદીઓને લૂંટે છે. ઘણી જ શોચનીય પરિસ્થિતિ સરજાઈ છે.

# તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ... અમારું મન શુભ સંકલ્પોવાળું બનો

'ધર્મ અને રોજિંદા જીવનનું કોમ્બીનેશન થાય તો આપણી પરંપરા અને પ્રતિકો નવી પેઢીને ઝડપથી સમજાય. હવે આજે એ સમજાવો કે જીવન શીવ તરફ ગતિ કરાવવામાં આ શિવમંદિરના પ્રતિકો કેવી રીતે ઉપયોગી છે?'

દીકરીએ મમ્મી અને નાના-નાની ત્રણેને જાણે એક જ સવાલમાં અનેક સવાલો કરીને પોતાનું કુતૂહલ અને ધર્મને જીવનની ફીલોસોફીને સમજવાની પોતાની લાગણી અભિવ્યક્ત કરી દીધી.



ઈતિહાસ પર નજર માંડીએ, થોડો અભ્યાસ કરીએ ત્યારે સમજાય છે કે સમયે સમયે ધર્મને સમજવાના - પામવાના માધ્યમો બદલાતા રહ્યા છે - માર્ગો બદલાયા રહ્યા છે પણ ધર્મ સનાતન રહ્યો છે - શાશ્વત રહ્યો છે. યુવા અવસ્થાના છોકરા - છોકરી હવે ધર્મને કોઈ એક સ્થળ - પુસ્તક કે વિધિવિધાન પૂરતા સિમિત ન રાખતા એને જીવનશૈલી તરીકે - રોજિંદા જીવનમાં વણી લે છે.

કંઈક આવી જ જીજ્ઞાસા પૌત્રએ પ્રગટ કરી એટલે નાનાએ શિવરાત્રી નિમિત્તે શિવાલયમાથી પ્રાત થતી જીવન દૃષ્ટિ સમજાવી.

લગભગ દરેક ગામમાં એક અને એકથી વધુ શિવમંદિર હોય જ. શિવ મંદિરની ધજાના દૂરથી દર્શન થાય ને તન-મન જાણે શિવમય બની જાય. શિવમંદિરના એક એક પગથિયાં ચડતા જઈએ એમ એમ માનવ મનમાં રહેલી કામ-ક્રોધ-મદ-મોહ અને લોભ જેવી દુર્વૃત્તિઓ મનમાંથી છૂટતી જાય.

શિવ પરમ કલ્યાણના દાતા છે. શિવ શબ્દ જ શાશ્વત આનંદઅનો પરમ પ્રસન્નતાની અનુભૂતિ કરાવે છે. આપણે સહુ પ્રેમ અને પ્રસન્નતાની, સંતોષ અને શાંતિની સતત શોધમાં રહીએ છીએ. શિવ સમીપે રહોરને આ સમજાય છે કે જે સર્વને આનંદ આપે ને સર્વનું કલ્યાણ કરે એ શિવ છે.

શિવમંદિરમાં નંદી- કાચબો - ગણેશ - હનુમાનજી - જલધારા - ડમરું - પણ હોય જ એની સાથે સાથે શિવ - સ્વરુપમાં સર્પ - માળા - ભસ્મ - ત્રિપૂંડ - ચંદ્ર - ગંગાજી - જટા પણ હોય જ, પાર્વતીમાતા પણ હોય, શંખ અને શાલિગ્રામ પણ હોય. આ પ્રત્યેક સાથે કયાંકને કયાંક જીવનની હકારાત્મક જીવનશૈલી - વિચાર અને સંદેશ જોડાયેલા છે. નંદી આપણને સૂચવે છે કે આપણું તન-મન પણ શિવમુખી બને - આત્મભિમુખ બનો. આપણી અંદર શિવતત્વ પ્રગટ થાય એ માટે સંકલ્પબદ્ધ થઈએ. નંદી એ શક્તિનું પ્રતિક છે જે પુરુષાર્થ સાથે જોડે છે.




કાચબો કવચ ધારણ કરે છે ને એનું મુખ પણ શિવ તરફ છે, ધીમે ધીમે પરંતુ મક્કમ ગતિએ શિવ તરફ - કલ્યાણ તરફ ગતિ કરે છે.

ગણેશજી અને હનુમાનજી ગર્ભગૃહની ડાબે - જમણે સ્થાપિત દેવ છે. ગણેશ આત્મસંયમ, પવિત્રતા, મધુરતા, પુરુષાર્થ જેવા ગુણો અને હનુમાનજી બ્રહ્મચર્ય, અખંડ બળ, સ્વામીભક્તિ, સમર્પિત સેવાના ગુણો બતાવે છે.

શિવાલયમાં પ્રવેશતા જે ઉંબર આવે તેમાં પ્રવેશદ્વારની ઊંચાઈ ઓછી હોય એટલે થોડો ઝુકીને, શિવ દરબારમાં જવું પડે. વિનમ્રતા અને સરળતાને આત્મસાત કરીને, અહંકાર છોડીને શિવ સુધી પહોંચી શકાય છે.

શિવ સ્વરુપમાં ત્રીજું નેત્ર જ્ઞાન ચક્ષુ જે વિવેકપૂર્ણ દૃષ્ટિ આપે છે, ભસ્મ વૈરાગ્યનો સકેત આપે છે, ચંદ્ર શીતળતાનો અને ડમરું મસ્તીનું પ્રતિક છે. ત્રિસુળ જ્ઞાન-કર્મ-ભક્તિનું - વ્યાધામ્બર સાહસ અને પૌરુષનું અને જળાધારીથી ટપકતું પાણી સાતત્યનું પ્રતિક છે. માતા પાર્વતી ભક્તિનો સંદેશ આપે છે.

થોડું સમજવાથી - થોડું પામવાથી - શિવ સ્વરુપને વધુ ભક્તિને - વધુ સમર્પણથી પામી શકાય એની અનુભતિ પૌત્રને થઈ ને નાના રાજી થયા. શિવરાત્રીનું પર્વ શીવ સાધનાનું - શીવ ઉપાસનાનું પર્વ છે. આપણે પણ પ્રાર્થના કરીએ તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ... અમારું મન શુભ સંકલ્પોવાળું બનો. શુભ સંકલ્પો સાકાર થાય અને શિવતત્વના અજવાળા રેલાય.

### દિન મહિમા

- મેરી કોમનો જન્મદિવસ,ભારતીય મહીલા મુક્કેબાઝ
- તારક મહેતાની પુણ્યતિથિ, ગુજરાતી નાટ્ય લેખક અને હાસ્ય લેખક

### આજનું ઔષધ

- વડની સુકી છાલના ચૂર્ણમાં સમભાગે સાકર મેળવી સવાર-સાંજ દધુ સાથે ૧-૧ ચમચી લેવાથી શક્તિ અને પોષણ મળે છે.

### ખડખડાટ

- પત્ની : આ રશિયા એ યુક્રેન ની કેવી દશા કરી છે મને તો દયા આવે છે.
પતિ : હવે તને મારી હાલત સમજાતી હશે નહીં?
પત્ની : શું કીધું?
પતિ : કઈ નહીં pray for peace ??

### આજનો વોટ્સએપ

- પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જનક છે.

# ભણતર અને ગણતર .... સાથે ચણતર

શ્રી ફાધર વાલેસના પુસ્તકમાં એક પ્રસંગ વાંચ્યો હતો. બે નાના છોકરાઓ ગૃહકાર્ય કરતા હતા. ભાષાનો પાઠ હતો. શિક્ષકે આપેલા કેટલાક પ્રશ્નોના જવાબ લખવાના હતા. એક વિદ્યાર્થીએ બીજાને પૂછ્યુંયાર ! ગાંધીજી કોણ હતા?' બીજાએ ક્ષણનો ય વિલંબ કર્યા વગર જવાબ આપ્યો- 'ચોથો પાઠ જો.'

છોકરાનો જવાબ સાચો હતો. ગુજરાતીની ચોપડીમાં ગાંધીજીનો પાઠ ચોથો હતો. ગાંધીજી કોણ? ચોથો પાઠ. છોકરાના મનમાં ગાંધીજી આટલું જ હતા. ઈતિહાસનું પાત્ર, ભૂતકાળની વિભૂતિ, અભ્યાસક્રમનો ભાગ, ચોથો પાઠ. કોઈ વ્યક્તિ નહીં જીવંત માનવી નહિ.

લેખકે સુંદર રીતે સમાજ સમકા પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. ઉપરોક્ત બનાવમાં વાંક કોનો છે? બાળકનો, પુસ્તકનો, અભ્યાસક્રમનો, શિક્ષકનો, કે પછી આપણો?

આજકાલનો આ ટ્રેન્ડ થઈ ગયો છે ભણવા પુરતું ભણવાનું, માર્ક્સ મળતા હોય તેટલું વાંચવાનું, આઈ.એમ.પી પર વધારે ધ્યાન આપવાનું. કદાચ આઈ.એમ.પી પાઠની યાદીમાં ઉપરોક્ત કોઈ મહાનુભાવનું. ચરિત્ર અથવા કોઈ યાદગાર પ્રસંગનો સમાવેશ ન થતો હોય, તો તેની બાદબાકી કરવાની, વધારાની કોઈ મહેનત કરવી નથી. નથી વિદ્યાર્થીને કરવી, નથી શિક્ષકને કરવી કે નથી માતા પિતાને કરવી. પુરું કરવાની વૃત્તિવાળા આપણે થઈ ગયા છીએ. અમે ભણતા ત્યારે પણ આવી જ આબોહવા હતી અને હું પણ આમાંથી જ પસાર થયો છું. આ વિષચક્રમાંથી હું પણ બચી શક્યો નથી.

આનું કારણ શું ? આજે તમારો પાલ્ય શું ભણે છે? તેની ગુજરાતીની ચોપડીમાં કઈ કવિતા આવે છે? સમાજવિદ્યામાં કયો ઈતિહાસ ભણી રહ્યો છે? તેની ખબર છે? ના, નથી ખબર. હા ! વળી અપવાદરૂપ કિસ્સામાં હોઈ શકે. રણમાં મીઠી વીરડીની જેમ અમુક માતા-પિતા બાળક પાછળ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરે છે.

આજકાલ 'ડે - સ્કૂલ'નો રાફડો ફાટ્યો છે બાળકને ખૂબ જ સારી તાલીમ મળે તે માટે છે સ્કૂલમાં મૂકવામાં આવે છોકરો સવારે ૮ વાગે જાય તે સાંજે ૮ વાગે પાછો આવે. આખો દિવસ સ્કૂલમાં જ બધી પ્રવૃત્તિ થાય. ડાન્સ, મ્યુઝિક, સ્પોર્ટસ, કયૂટર, લંચ ઉપરાંત અભ્યાસક્રમ તો ખરો જ. બાળકના સર્વાંગી વિકાસ માટે તેના દરેક અંગ મરડાઈ ન જાય ત્યાં સુધી તાલીમ મળે. ના! સારી વાત છે, અંગત કોઈ વિરોધ નથી, આપણે એકવીસમી સદીમાં આવી ગયા છીએ, પરિવર્તન સંસારનો નિયમ છે, આ થવું જ જોઈએ ! પણ આ ઘટમાળ હોય ત્યાં ગાંધીજી "ચોથો પાઠ જ બની રહેવાના એ પણ એટલું જ ચોક્કસ છે. પાઠમાં આવતી ગાંધીજી વિશેની માહિતી ઉપરાંત તેમના જીવન પ્રસંગો, તેમની પ્રતિભાની વાત વાર્તા સ્વરૂપે આપણે કહીએ , ગાંધી આશ્રમની મુલાકાતે લઈ જઈએ તો ?

પણ ના ! મેથ્સ, ઈંગ્લિશ વધુ મહત્ત્વના છે. ભવિષ્ય માટે આ વિષયોનું મહત્ત્વ વધુ છે તેના ટ્યૂશન રાખવામાં આવે છે. ભૂતકાળને યાદ કરવાથી શું? પરંતુ ભાષાની મૃદુતા, ઈતિહાસના પ્રસંગોના સ્મરણ અને સંસ્કૃતના માધુર્ય વગર વિદ્યાર્થીનું ઘડતર કેવું થવાનું ! ગણિતની ૧ ૧ = ૨ની ગણતરીઓ મગજમાં ઠાસતા વિદ્યાર્થીની રચનાત્મકતા, ઋજુતા આપણે બાળપણમાં જ ડામી દઈએ છીએ.




અરે ! ગુજરાતીમાં દુલા કાગનું આવકારો મીઠો આપજે ... કાવ્ય, શિક્ષક વર્ગમાં ગાઈને સરસ અર્થઘટન કરીને સમજાવે, તો વિદ્યાર્થી અતિથિ સત્કારના મૂલ્ય આજીવન ન ભૂલી શકે. સંસ્કૃતના શ્લોકોનું યોગ્ય આરોહ અવરોહમાં છંદબદ્ધ અને લયબદ્ધ વાંચન થાય તો તેના એક-એક સુભાષિતથી જીવનના અગમ્ય રહસ્યને સમજવાની શક્તિ મેળવી શકે છે. ઈતિહાસમાં શિવાજીના શૌર્યની અને ભામાશાહના ત્યાગની વાત નાટ્યીકરણ દ્વારા તાદેશ કરવામાં આવે તો , આજના વિદ્યાર્થીને ખબર પડે કે આપણે ભૂતકાળમાં ખાલી અંગ્રેજોની કે મુગલોની ગુલામી જ નહોતી કરી. આવા વીરલાઓનું રક્ત પણ આપણી નસોમાં વહી રહ્યું છે.

પણ આવા વેદિયા વિષયોથી ભવિષ્યમાં મારા બાળકને શું ફાયદો થવાનો ! ડૉક્ટર, એન્જિનીયર કે સી.એ. થવું હોય તે માટે તો ગણિત, વિજ્ઞાન જ જરૂરી છે, તેનાથી બાળકનો પાયો પાકો થશે. આ પાયો પાકો કરવામાં જીવનનો પાયો કાચો રહી જાય છે, અને દુઃખની વાત એ છે કે ગણિત-વિજ્ઞાનમાં બાહોશ, ગણતરી બાજ, ચપળ, ચતુર વિદ્યાર્થી ભવિષ્યમાં એ જ માતા-પિતાને વૃદ્ધાશ્રમનો રસ્તો દેખાડે છે, ત્યારે પાછા આપણે બૂમો પાડીએ છીએ, અરે કોઈ હક નથી કાગારોળ કરવાનો આપણને ! કહેવાતા સર્વાંગી વિકાસના નામે ઘરમાં તો એને તમે ટકવા દીધો નથી, તો પછી ગણતરીબાજ સંચાલકો, ટ્યૂશનિયા શિક્ષકો મમતાના, લાગણીના, કરુણાના પાઠ તમારા બાળકને શીખવશે એવી અપેક્ષા તમે કેવી રીતે રાખી શકો !

આમાં વાંક વિદ્યાર્થીઓનો નથી, આપણો છે, આપણે જ સાચુ શિક્ષણ એમને ન આપી શક્યા. ભવિષ્યના સોનેરી સપનાઓનું અંજિર દેખાડતા આ શિક્ષણના કારણે સરદાર, ગાંધી અને છેલ્લે લાલબહાદુર શાસ્ત્રી પછી સમ ખાવા પૂરતાય એકેય આવા મહાનુભાવ આપણે નિર્માણ કરી શક્યા નથી.

હજી સમય છે, ચેતી જઈએ, નહીંતર એક-બે પેઢી પછી ગાંધીજી પેલા ચોથા પાઠમાંથી પણ અસ્તિત્વ ગુમાવી દેશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# આઝાદીની લડતમાં 'સત્યાગ્રહ'માંથી પ્રગટેલી પ્રેમ અને અહિંસાની પ્રચંડ જનશક્તિ

આજ તિરંગા ફહરાતા હૈ અપની પૂરી શાન સે
હમે મિલી આઝાદી વીર શહીદો કે બલિદાન સે
આઝાદી કે લીયે હમારી લંબી ચલી લડાઈ થી
લાખો લોગોને પ્રાણો સે કિંમત ચૂકાઈ થી...

આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ૭૫ સપ્તાહ સુધી આઝાદીના અમૃત મહોત્સવનું અમૃત મંથન આજે દેશ કરી રહ્યો છે. આઝાદીનો આ અમૃત મહોત્સવ રાષ્ટ્રાભિમાન અને રાષ્ટ્ર નવજાગરણનું મહિમાગાન કરે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈનો અદભુત વિચાર અત્યંત પ્રસ્તુત છે. એ કહે છે કે, 'દેશ માટે મરી ફીટવાનો અવસર આપણને નથી પ્રાપ્ત થયો પરંતુ દેશ માટે કંઈ કરી છૂટવાનો અવસર આપણને મળ્યો છે.હ્લ સમગ્ર દેશના અબાલવૃદ્ધ સૌ કોઈના હૃદયમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભકતિની ભાવના વધુ બળવત્તર બને એ માટે આઝાદીનો અમૃત મહોત્સવ ઉદીપકની ભૂમિકા ભજવી રહ્યો છે.

આઝાદીનો અમૃત મહોત્સવ ત્રણ રીતે રાષ્ટ્ર ભાવનાનો સંચાર કરી રહ્યો છે. એક તો વીર સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રેરક ગાથા જણાવે છે બીજું નવા વિચારોનો સંપૂટ આપવાનુ કાર્ય કરે છે અને ત્રીજું દેશ માટે કંઈક કરી છૂટવા માટેના નવતર સંકલ્પોની સરવાણી વહાવવાનુ કાર્ય કરે છે. આ મહોત્સવના મુખ્ય પાંચ પીલર છે. રાષ્ટ્રની પ્રગતિ માટે નવા વિચારો, રાષ્ટ્રએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ, આગળ વધવા લેવા લાયક નવતર પગલાં, સ્વાતંત્ર્ય સંગ્રામના દેશદાજથી ભરપૂર ઈતિહાસથી અવગત અને પ્રત્યેક નાગરિકની રાષ્ટ્ર ઉત્થાન માટેની સંકલ્પ શક્તિ. આ પાંચ આધારસ્તંભોના પંચામૃતને આઝાદીના અમૃત મહોત્સવમાં વલોવીને બહાર લાવવા મનોમંથન થઈ રહ્યું છે.

આજે ભારત વિશ્વ ગુરુ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે મહાત્મા ગાંધીની દાંડી યાત્રાથી માંડીને સત્યાગ્રહની લડત જેવા અનેક પ્રસંગો આંખ આગળ એક ચિત્રપટની જેમ પસાર થતા જાય છે. જે દેશે ત્યાગ અને બલીદાનના સિદ્ધાંતો ઉપર સમસ્ત વિશ્વને સદાચારના પદાર્થપાઠ આપ્યા અને જ્યાંથી સર્વધર્મ સમભાવનો શંખનાદ જગતે સાંભળ્યો એવા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામનું એક અનોખુ અને અમોઘ શસ્ત્ર 'સત્યાગ્રહ' હતું. આજે આઝદીના અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે સત્યાગ્રહ સંગ્રામનો અર્થ અને ભુમિકા જાણવી પ્રસ્તુત બની રહેશે.

બાપૂએ આપેલી 'સત્યાગ્રહ'ની ભેટ આજે પણ દુનિયાના પ્રબુદ્ધો અને ક્રાંતિકારીઓ માટે અનોખી અને અવિસ્મરણીય બાબત બની રહી છે. સત્યાગ્રહ વિશે સમજ આપતા ગાંધીજી કહેતા કે, 'સત્યાગ્રહને એક સિક્કાની ઉપમા આપી છે, જેની એક બાજુ પ્રેમની છાપ છે અને બીજીબાજુ સત્યની છાપ છે. તે સિક્કો આખી દુનિયામાં ચાલી શકે એવો છે, અને એનું મુલ્ય આંકી ન શકાય તેટલું છે.' સામાન્ય રીતે સમાજવાદ અને સામ્યવાદની પરિભાષા સેંકડો હજારો રીતે વ્યાખ્યાયીત થઈ છે તેને સમજવાની લોકો ભરપૂર કોશિષ કરતા હોય છે. અને એમાં તથ્ય એટલા માટે છે કે એનો વ્યાપ અતિ વિશાળ છે. સત્યાગ્રહના સંદર્ભમાં પણ એવું જ કહી શકાય.

લોકોમાં એક સામાન્ય છાપ એવી છે કે, સત્યાગ્રહ એટલે ગાંધીજીની અંગ્રેજો સામેની લડાઈ. થોડો વિચારશીલ વ્યક્તિ એમ કહેશે કે, ગાંધીની સરકાર સામે લડત માત્ર નહી લડાઈ તો ગમે તેની સાથે થાય પણ એમાં મારામારી કરવાની નહીં. મુર્ધન્ય સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકર સત્યાગ્રહ માટે લખે છે કે, 'સત્યાગ્રહ એટેલ લડાઈની એક નવી ઢબ, યુદ્ધશાસ્ત્રનો એ એક નવો પ્રયોગ છે.' આ બન્ને સમજમાં તથ્ય એ છે કે, મારામારી વગર લડવાની એક નવી રીત ગાંધીજીએ આપી. આ સમજમાં કચાશ હોઈ શકે પણ અસત્ય નથી. 'સત્યાગ્રહ'નો સીધો શબ્દાર્થ થાય સત્યનો આગ્રહ. સત્યને વળગી રહેવું. સત્યને વળગી રહેવા બળ જોઈએ. સત્યના પાલન વખતે થતા વિરોધ માટે શક્તિ અનિવાર્ય છે. સત્યની સાથે રહેતા જે શક્તિ સ્ફૂરે એ જ સત્યાગ્રહ એમ ગાંધીજી કહે છે. ગાંધીજીએ લખ્યું છે કે, 'દક્ષિણ આફ્રિકામાં પૂરા આઠ વર્ષ સુધી હિંદીઓએ જે બળનો ઉપયોગ કર્યો તે બળને મેં તે વખતે સત્યાગ્રહ નામ આપ્યું હતું. એ જ અરસામાં બ્રિટિશ ટાપુઓમાં અને દક્ષિણ આફ્રિકામાં 'પેસિવ રિઝિસ્ટન્સ'ની ચળવળ ચાલતી હતી તેનાથી ભેદ બતાવવાને મેં આ શબ્દ યોજ્યો હતો.હ્લ



સત્યના વિચારને વળગી રહેવા માટે ઉપયોગમાં લેવાતું બળ શરીરબળથી અલગ છે. એટલે જ સત્યનો આગ્રહ રાખનારામાં જે નિષ્પન્ન થાય છે એ 'આત્મબળહ્લ કે 'સત્યબળ' સમજી શકાય. જેને પણ સત્ય શોધવાની તમન્ના જાગી હતી તે બધાના આત્મામાં આ અલૌકિક શાંત બળનો સમુચિત ઉપયોગ થયો હશે એમ માની શકાય. સત્યાગ્રહ માટે ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું હતું કે, સત્યાગ્રહનો અમલ સામેવાળા ઉપર શરીરબળથી અત્યાચારનો નહીં પણ ધીરજ અને સહાનુભૂતિથી થતી ભૂલ અટકાવવાનો ઉદ્દેશ હોય છે. એકને માટે લાગતુ સત્ય બીજાને ભૂલભરેલું પણ હોઈ શકે. એટલે જ ગાંધીજી કહેતા કે પોતે દુઃખ સહન કરીને પણ સત્યને વળગી રહેવું એ જ સત્યાગ્રહનો હાર્દ છે.

બાળપણમાં કરેલી નાની નાની ચોરીઓની ગાંધીજી કરેલી કબુલાત સત્યાગ્રહનો નાનપણથી થતો આવિર્ભાવ દર્શાવે છે. ગાંધીજીની આત્મકથામાં આ ઘટનાનું સુંદર વિવરણ છે. સત્યાગ્રહી શરીર બળનો ઉપયોગ નથી કરતો અને ક્રોધસભર અભદ્ર ભાષાનો પ્રયોગ પણ નથી કરતો એટલે કદાચ સામાન્ય સમજ એવી પણ છે કે, સત્યાગ્રહીનું અહિંસાનું શસ્ત્ર નિર્બળ હોય છે. અહિંસા ભાવાત્મક છે. એનો ભાવનાત્મક અર્થ 'પ્રેમહ્લમાં સ્ફૂરે છે. જ્યારે પ્રેમની તાકાતની વાત હોય તો એ સર્વસ્વીકૃત છે કે, 'પ્રેમ' મહાન અને શક્તિશાળી શસ્ત્ર છે. સત્યાગ્રહની મજા એ છે કે, તેનો ઉપયોગ કોઈપણ ક્ષેત્રમાં ગમે તે વ્યક્તિ કરીને પરિણામ પ્રાપ્ત કરી શકે છે. જો કે આજના યુગમાં લોકો શરીરબળને વિશેષ મહત્વ આપતા જોવા મળે છે. વ્યક્તિગત અને સામાજિક કે પછી સામૂદાયિક કોઈપણ વ્યવહારમાં સત્યાગ્રહનું આત્મબળ અને પ્રેમબળ કારગત નીવડે છે.




સત્યાગ્રહની બે ભિન્ન વિચારધારા ઉપર ચિંતન આવશ્યક લાગે. પ્રથમ આર્થ સત્ય અને પ્રેમ દ્વારા જીવન સાધના અને બીજો અર્થ પ્રેમબળથી લડવામાં આવતું યુદ્ધ. પ્રથમ બાબતમાં ફલીત થાય છે કે, શ્રેયાર્થીનો આ જીવનસિદ્ધાંત છે. જ્યારે બીજા અર્થમાં જણાય છે કે શસ્ત્રયુદ્ધનો નૈતિક અવેજ. જો કે, ગાંધીજીના જીવનનો અભ્યાસ કરતા સત્યાગ્રહ માટે ઉપર નિર્દેશિત પ્રથમ અર્થ વધુ બંધ બેસે છે. આ બન્ને અર્થનો સુભગ સમન્વય ફાધર એલ્વિનની છણાવટમાં થાય છે. એલ્વિનના મતે, 'સત્યાગ્રહ એટલે પ્રેમધર્મને અનુસરીને સત્યનું ગમે તે ભોગે પાલન કરવાનો નિશ્ચય. મનુષ્ય મનુષ્ય વચ્ચેના કલહ શમાવવાની દ્રષ્ટિએ સત્યાગ્રહ તે શમાવવાની પદ્ધતિ છે. એ દ્વારા આપણે (કોઈપણ રૂપે) હિંસા વાપરીને નહીં, પણ સહન કરીને કલહ પતાવવા મથીએ છીએ.

ભારતની આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી વેળાએ સત્યાગ્રહ વિશેની ચિંતનયાત્રા ઉપયુક્ત લેખાય. ભારતની આઝાદીમાં સત્યાગ્રહ મૂવમેન્ટનું અદકેરું સ્થાન રહ્યું છે. એની પાછળનું મહત્વનું પરિબળ છે પ્રચંડ જનશક્તિનો વિશ્વાસ. આઝાદીની લડતમાં લોકમાન્ય તીલકજી, ગોખલેજી, ગાંધીજી, સરદાર સાહેબ, સુભાષચંદ્ર, વીર સાવકરજી, શામજીકૃષ્ણ વર્મા જેવા અનેક દિગ્ગજ નેતાનું યોગદાન તો છે જ પરંતુ એમના વિચારો અને કાર્યોને મધ્યમ વર્ગના બૌદ્ધિકો, લાખો કરોડો ધરતીપુત્રો, વનબંધુઓ, દલિતો, ઔદ્યોગિક શ્રમજીવીઓ, ખેતમજૂરો જેવી જનશક્તિના સેલાબનો સહકાર અને સાથ ન મળ્યો હોત તો કદાચ અંગ્રેજોએ ભારત ભૂમિ છોડી ન હોત. દિગ્ગજ નેતાઓ વૈચારિકબળથી પ્રેરણા આપે છે પણ એને મળતા વિરાટ આંદોલનના સ્વરૂપ પાછળ તો વિરાટ જનશ્કતિની તાકાત જ હોય છે.

ભારતની આઝાદીની લડત અનોખી એટલે ગણાય છે કે, એના પાયામાં સત્યાગ્રહ રહેલો છે. અને સત્યાગ્રહમાંથી જન્મેલી પ્રેમ અને અહિંસાની પ્રચંડ માસ મુવમેન્ટની તાકત રહેલી છે. આઝાદીની અગણિત ઘટનાઓ અને વીરગાથાઓ હજી દેશની યુવા પેઢી સમક્ષ ઉજાગર થઈ નથી ત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ વર્તમાન ભારતના નાગરિકોને તેનાથી સુપેરે અવગત કરાવવાનુ નક્કર કામ કરશે. આ સમયે ભારતના નાગરિકો નવા સમૃદ્ધિના શિખરો ઉપર આરોહણ કરવા તત્પર બને એ જ આ પ્રકારની ઉજવણીનુ હાર્દ છે. ભારતના ગામડા અને શહેરોમાં સુવિધાનું સ્તર એ રીતે વધે કે તેનું શહેરીજન અને ગ્રામ્યજન વચ્ચે વિભાજન ક્યારેય ન થાય. અને તે માટે ભારતભરમાં વૈશ્વિક સ્તરનું આધુનિક ઈન્ફ્રાસ્ટકચર ઉપલબ્ધ બને એ દિશામાં નવતર વિચારો આકાર લે. ગૌરવવંતા આઝાદીની લડતનો ઈતિહાસ પણ પ્રત્યેક નાગરિકના મન હૃદયમાં સદાય અખંડ રહે. કૌશલ્ય અને સામર્થ્યથી ભરેલી આપણા દેશની માટીની મહેંકનો સૌ કોઈ નાગરિકોને અહેસાસ થાય એ જ આ મહોત્સવની સાચી ફળશ્રુતિ લેખાશે.

(સંદર્ભ –સત્યાગ્રહ મિમાંસા, સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા, પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો ડેટા )

**ધબકાર :**

'મૈં અખિલ ભારત કા ગુરૂ મહાન, દેતા વિદ્યા કા અમર દાન,
મૈને દિખયા મુક્તિ કા માર્ગ, મૈને સિખલાયા ભક્તિ કા - જ્ઞાન...'

- અટલ બિહારી વાજપેયી